સુરત જિલ્લામાં 'કેચ ધ રેઈન' કે પછી 'મિસ ધ રેઈન'?

100 ઈંચ વરસાદ છતાં પાણીનો મોટો હિસ્સો દરિયામાં વહી ગયો

કેન્દ્રીય જળશક્તિ મંત્રીના શહેરમાં જ જળસંચય અને ભૂગર્ભ જળ રિચાર્જની કામગીરી સામે સવાલો

સુરત: સુરત જિલ્લામાં આ વર્ષે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. જિલ્લામાં સર્વત્ર ભારે વરસાદ નોંધાયો છે. આટલા મોટા પ્રમાણમાં વરસાદ પડ્યો હોવા છતાં વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ જળસંચય કે ભૂગર્ભજળ રિચાર્જ માટે કેટલો થયો તે અંગે હવે સવાલો ઊભા થયા છે.

જિલ્લાના વિવિધ તાલુકાઓમાં 60થી 100 ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. બારડોલીમાં આશરે ૬૮ ઈંચ, સુરત શહેરમાં ૬૪ ઈંચ, પલસાણામાં ૮૪ ઈંચ, મહુવામાં ૬૫ ઈંચ, કામરેજમાં ૭૧ ઈંચ અને અંબિકામાં તો ૧૦૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. કેન્દ્રિય જળશક્તિ મંત્રીના શહેરમાં જ લાખો લીટર વરસાદી પાણી દરિયામાં વહી ગયું.

વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ જળસંચય કે ભૂગર્ભજળ રિચાર્જ માટે કેટલો થયો તે અંગે હવે સવાલો ઊભા થયા છે. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'કેચ ધ રેઈન' અને જળસંચય અભિયાન હેઠળ વરસાદી પાણી જ્યાં પડે ત્યાં જ તેને રોકવા, સંગ્રહવા અને જમીનમાં ઉતારવા પર ભાર મૂકવામાં આવે છે. બીજી તરફ સુરત જિલ્લામાં આ વર્ષે પડેલા ભારે વરસાદ દરમિયાન પાણીનો મોટો પ્રવાહ નદી, નાળા, ખાડી અને અંતે દરિયા તરફ વહી ગયો હોવાના દૃશ્યો જોવા મળ્યાં હતાં. જેના પગલે 'કેચ ધ રેઈન'ની કામગીરી 'મીસ ધ રેઈન' બની રહી છે.

અંબિકા જેવા વિસ્તારમાં આશરે ૧૦૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. પલસાણા, કામરેજ અને બારડોલી સહિતના વિસ્તારોમાં પણ ભારે વરસાદ થયો છે. આ વરસાદનો થોડો હિસ્સો કુદરતી રીતે જમીનમાં ઉતર્યો હશે, પરંતુ ભારે વરસાદની સ્થિતિમાં મોટા પ્રમાણમાં પાણી સપાટી પર વહેતું થઈ જાય છે. વાસ્તવિક પ્રશ્ન એ છે કે આ વરસાદી પાણીમાંથી કેટલું પાણી તળાવો, ચેકડેમ, ખેત તલાવડી, રિચાર્જ પિટ, રિચાર્જ શાફ્ટ અને અન્ય જળસંચય માળખામાં રોકાયું અને કેટલું ભૂગર્ભજળમાં પહોંચ્યું?

પાણી રોકાયું હોત તો ભૂગર્ભ જળને મોટો ફાયદો

જો ભારે વરસાદ દરમિયાન યોગ્ય સ્થળોએ મોટા પાયે વરસાદી પાણીનું સંચય અને રિચાર્જ કરવામાં આવ્યું હોત તો તેનો સીધો લાભ ભૂગર્ભજળના સ્તરને મળી શક્યો હોત. વરસાદી પાણી જમીનમાં ઉતારવાથી સ્થાનિક સ્તરે ભૂગર્ભજળના પુન:ભરણમાં મદદ મળી શકે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સિંચાઈ માટે ભૂગર્ભજળ પર નિર્ભર ખેડૂતો માટે આવા જળસંચય માળખા લાંબા ગાળે મહત્ત્વપૂર્ણ બની શકે છે. ખેતરોમાં પાણી ઉપલબ્ધ રહે તો ખેતીની ઉત્પાદકતા જાળવવામાં પણ મદદ મળી શકે છે.

આવનારી પેઢી માટે પાણી બચાવવાનો સંદેશ ક્યાંથી આવશે?

જળસંચય માત્ર સરકારી યોજના નથી. પાણી બચાવવાની સંસ્કૃતિ ઊભી કરવી પણ એટલી જ જરૂરી છે. જો વરસાદી પાણીનો સ્થાનિક સ્તરે સંગ્રહ થાય, ગામના તળાવો ભરાય અને ભૂગર્ભજળનું સ્તર સુધરે તો લોકોમાં પણ પાણી બચાવવા અંગેની જાગૃતિ વધે. પરંતુ જો દર વર્ષે ભારે વરસાદ આવે, પાણી ભરાય, પૂર આવે અને થોડા દિવસોમાં એ જ પાણી દરિયામાં વહી જાય, તો આગામી પેઢીને વરસાદી પાણીની કિંમત સમજાવવાનો હેતુ અધૂરો રહી જાય છે.

'યોજના' અને 'જમીન પરની કામગીરી 'વચ્ચેનો તફાવત

સવાલ માત્ર આ વર્ષે કેટલો વરસાદ પડ્યો તેનો નથી. સવાલ એ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં વરસાદી પાણી બચાવવા માટે કરવામાં આવેલા કામોની અસરકારકતા કેટલી છે? સરકાર દ્વારા જળસંચય માટે વિવિધ અભિયાનો અને યોજનાઓ ચલાવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા પણ વરસાદી પાણીના રિચાર્જ માટે રેઇન વોટર હાર્વેસ્ટિંગને પ્રોત્સાહન આપે છે અને ચોક્કસ પ્રકારની નવી બાંધકામ પરવાનગીઓમાં RWHની જોગવાઈ પણ છે. પરંતુ ભારે વરસાદ વખતે જો પાણીનો મોટો પ્રવાહ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી ઝડપથી બહાર નીકળી જાય અને તેનો પૂરતો હિસ્સો જમીનમાં ઉતારવાની વ્યવસ્થા ન હોય તો માત્ર માળખા બનાવવાથી જળસંચયનો હેતુ સિદ્ધ થતો નથી.

ઉધનાથી પ્રયાગરાજ માટે દોડશે નવી અમૃત ભારત

પ્રયાગરાજથી સોમવારે અને ઉધનાથી મંગળવારે રવાના થશે

સુરત: દક્ષિણ ગુજરાતમાં રહેતા ઉત્તર પ્રદેશના યાત્રીઓ માટે રેલવેએ મોટી ભેટ આપી છે. રેલ મંત્રાલયે પ્રયાગરાજ જંક્શન-ઉધના વચ્ચે ચાલતી સ્પેશિયલ ટ્રેનને હવે નિયમિત અમૃત ભારત એક્સપ્રેસ તરીકે ચલાવવાની મંજૂરી આપી દીધી છે.

રેલ્વેના આદેશ મુજબ 04125/26 સ્પેશિયલ ટ્રેનને હવે 20437/20438 પ્રયાગરાજ જંક્શન-ઉધના અમૃત ભારત એક્સપ્રેસ તરીકે નિયમિત કરવામાં આવશે. ટ્રેન અઠવાડિયામાં એક દિવસ ચાલશે અને પ્રયાગરાજ, ઉત્તર પ્રદેશથી લઈને ગુજરાતના ઉધના સુધી સીધું કનેક્શન આપશે.

નવી 20437 પ્રયાગરાજ જંક્શન-ઉધના અમૃત ભારત એક્સપ્રેસ દર અઠવાડિયે સોમવારે સવારે 5:20 વાગ્યે પ્રયાગરાજથી રવાના થશે અને બીજા દિવસે મંગળવારે સવારે 4:05 વાગ્યે ઉધના પહોંચશે. એટલે કે યાત્રીઓને લગભગ 23 કલાકની મુસાફરી બાદ ઉધનામાં ટ્રેન મળશે. પરત ફરતા 20438 ઉધના-પ્રયાગરાજ અમૃત ભારત એક્સપ્રેસ મંગળવારે સવારે 7:30 વાગ્યે ઉધનાથી રવાના થશે અને બીજા દિવસે બુધવારે સવારે 6:45 વાગ્યે પ્રયાગરાજ જંક્શન પહોંચશે. આ રીતે ઉધનાથી પ્રયાગરાજ વચ્ચે સીધી વીકલી અમૃત ભારત સેવા ઉપલબ્ધ બનશે.

3 સ્પેશિયલ ટ્રેનને નિયમિત કરવાનો નિર્ણય

રેલ મંત્રાલયે કુલ 3 જોડી સ્પેશિયલ ટ્રેનને નિયમિત કરવાની મંજૂરી આપી છે. જેમાં પ્રયાગરાજ-લોકમાન્ય તિલક ટર્મિનલ અમૃત ભારત એક્સપ્રેસ, પ્રયાગરાજ-ઉધના અમૃત ભારત એક્સપ્રેસ અને અન્ય એક પ્રયાગરાજ-લોકમાન્ય તિલક ટર્મિનલ સેવા સામેલ છે. રેલવેએ ઉધના વાળી ટ્રેન માટે એક અમૃત ભારત રેકની વ્યવસ્થા કરી છે, જેને પ્રસ્તાવિત પ્રયાગરાજ-લોકમાન્ય તિલક ટર્મિનલ સેવા સાથે ઇન્ટીગ્રેટ કરવામાં આવશે.

સુરત શહેર-જિલ્લામાં છૂટાછવાયાં વરસાદી ઝાપટાં

શહેરના તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો

સુરત: સુરત શહેર અને જિલ્લામાં આજે દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું. વરસાદી માહોલ વચ્ચે શહેર અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી અને તાપમાનમાં પણ એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 30.1 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 25.8 ડિગ્રી નોંધાયું હતું. વરસાદી વાતાવરણને કારણે દિવસ દરમિયાન ગરમીનો અનુભવ પ્રમાણમાં ઓછો રહ્યો હતો. હવામાં 86 ટકા જેટલો ભેજ નોંધાતા વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઊંચું રહ્યું હતું.

ઉકાઈનું રૂલ લેવલ જાળવવા 17 હજાર ક્યુસેક પાણી છોડવાનું સતત ચાલું

હાલ ઉકાઈ ડેમમાં 3,108 ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે. ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતાં આવકમાં ઘટાડો જોવા મળ્યો છે. ડેમમાંથી હાલ 17 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પાણીના નિયમન માટે ડેમમાંથી પાણી છોડવાની પ્રક્રિયા યથાવત રાખવામાં આવી છે. સાથે જ ત્રણ હાઈડ્રો યુનિટ અને એક કેનાલ પણ ચાલુ રાખવામાં આવી છે. ઉકાઈ ડેમની હાલની સપાટી 334.48 ફૂટ નોંધાઈ છે. ડેમનું રૂલ લેવલ 335 ફૂટથી નીચે જાળવી રાખવામાં આવ્યું છે.

સાયણ સુગર ફેક્ટરીની ચૂંટણીમાં શાણા મતદારોનો હંગ મેન્ડેટ

ભાજપનાં બે જૂથો પૈકી એકપણ પેનલને સ્પષ્ટ બહુમતી નહીં, 18માંથી 8 બેઠક પર કેતન પટેલ જૂથને, 6 રાકેશ પટેલ જૂથને ફાળે અને 4 બેઠક પર અપક્ષ જિત્યા.

ભાજપના ભરચક પ્રયાસ છતાં દર્શન નાયકે 631 મતની જંગી લીડ સાથે વિજયની હેટ્રિક નોંધાવી

સુરત, સાયણ: સાયણ સુગર ફેક્ટરીની બોર્ડ ઓફ ડિરેક્ટરોની 18 બેઠકની ચૂંટણીનું અંતિમ પરિણામ સ્પષ્ટ થયું છે. ભાજપના આગેવાનોની બન્ને પેનલના ઉમેદવારો અને તેઓના સમર્થકોની હાજરીમાં ચૂંટણી અધિકારીએ મતગણતરી શરૂ કરાવી હતી. જે મોડી રાતે પૂર્ણ થઈ હતી. સાયણ સુગરની ચૂંટણીમાં શાણા મતદારોનો હંગ મેન્ડેટ આવ્યો હતો. ભાજપના બે જૂથો 18માંથી 8 બેઠક કેતન પટેલ જૂથને, 6 રાકેશ પટેલ જૂથને ફાળે અને 4 બેઠક પર અપક્ષ જીત્યા છે. જોકે એ 4 પૈકી દર્શન નાયકને બાદ કરતાં 3 ડિરેક્ટર માજી મંત્રી અને ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ સમર્થક હોવાથી સત્તાની ચાવી મુકેશ પટેલ પાસે રહી છે. ચર્ચા એવી છે કે, 18માંથી 14 બેઠક પર ભાજપના બે જૂથના ઉમેદવારો ચૂંટાયા હોવાથી હવે સ્પર્ધા પ્રમુખ પદ માટે જામી શકે છે. એક રીતે પરિણામ દર્શાવે છે કે, કેતન પટેલની પેનલ એ સત્તાધારી પેનલ સામે સારો દેખાવ કર્યો છે. વર્ષ 2026 ની ચૂંટણીમાં ભાજપના બંને જૂથોની પેનલના અગ્રણીઓ રાકેશ પટેલ અને કેતન પટેલ બંને ચૂંટાયા હોવાથી પ્રમુખ, ઉપપ્રમુખ પદ માટે ભાજપ હાઇકમાન્ડની ભૂમિકા આવે એવી શક્યતા છે.જો કોઈ એક જૂથ બળવો કરે તો 4 અપક્ષોની ભૂમિકા નિર્ણાયક બને એમ છે.

કઈ ઝોન બેઠક પર કોની જીત?

ભટગામ: ભૂપેશ રમણ પટેલ
કુડસદ: કેતન નરોત્તમ પટેલ
સાયણ: રાકેશ ઠાકોર પટેલ
સિથાણ: રોહિત કાંતિ પટેલ
સાંધિયેર: દર્શન અમૃતલાલ નાયક
માસમા: યોગેશ હસમુખ પટેલ
રાંદેર: રમેશ ચંદુભાઈ પટેલ
છાપરાભાઠા: જતીન અશ્વિનપટેલ
મોટા વરાછા: રાજેન્દ્ર રમણ દેસાઈ
અબ્રામા: સંદીપ મનહર પટેલ
કામરેજ: દીપક નગીન પટેલ
વાય: જિગ્નેશ રમેશ પટેલ
દિગસ: નવીનચંદ્ર રણછોડ પટેલ
પીપોદરા: ભરતસિંહ ઠાકોર
નાના/સીમાંત અનામત: અરવિંદ નારણ પટેલ
અનુસૂચિત જાતિ-જનજાતિ: ગીરીશ ધીરુભાઈ સુરતી
મહિલા અનામત વિભાગ-1: જ્યોતિબેન અશોક પટેલ
મહિલા અનામત વિભાગ-2: કીર્તિબેન તેજસ પટેલ

દર્શન નાયક, કેતન પટેલ, યોગેશ પટેલની જીતમાં શું શું થયું?

સાયણ સુગરની સાંઈયેર ઝોન- 5 ની ચૂંટણીમાં કોંગ્રેસી મૂળના ડિરેક્ટર દર્શન નાયકને હરાવવા ભાજપે તમામ પ્રયાસો કરવા છતાં મતદારોએ દર્શન નાયકને 631 મતની જંગી સરસાઇથી વિજયી બનાવ્યા હતા. સાંઈયેર બેઠક પર 1598 માંથી 1309 મતદારોએ મતદાન કર્યું હતું. એ પૈકી 51 મત રદ થયા હતા.વિજેતા ઉમેદવાર દર્શન નાયકને 839, બીજા ક્રમે પૃથ્વીરાજ ઠાકોરને 208, ભાજપના બ્રિજેશ ગુણવંત પટેલને 181 અને અપક્ષ અરવિંદ પટેલને 30 મત મળ્યાં હતા.

કુડસદ ઝોન 2 બેઠક પર કેતન નરોત્તમ પટેલે રજનીકાંત પટેલને 96 મતની સરસાઇથી પરાજિત કર્યા હતા. કેતન પટેલને 765 અને રજનીકાંત પટેલને 669 મત મળ્યાં હતા. તો સાયણ ઝોન 3 બેઠક પર રાકેશ ઠાકોરભાઈ પટેલે 711 મત અને તેઓના હરીફ સિદ્ધાર્થ પટેલને 588 મત મળતા રાકેશ પટેલનો 123 માટે વિજય થયો હતો.

માસમા ઝોન 6 બેઠક પર જિલ્લા ભાજપના મહામંત્રી અને ઓલપાડ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ યોગેશ હસમુખ પટેલે રમેશ ખુશાલ પટેલને 737 મતની સર્વાધિક સરસાઇથી પરાજિત કર્યા હતા.યોગેશ પટેલને 1008 મત અને રમેશ પટેલને માત્ર 271 મત મળ્યા હતા. આ ચૂંટણીમાં સુગરના વર્તમાન પ્રમુખ રાકેશભાઈ પટેલે(દેલાડ) બળદગાડાના પ્રતિક સાથે ચૂંટણીના રણમેદાનમાં ઉતારેલી વિકાસ પેનલમાં નાના સીમાંત ખેડૂત જુથ અને રાંદેર ઝોન મળી કુલ બે ઉમેદવારો અગાઉથી બિનહરિફ થયા હતા.જ્યારે વિકાસ પેનલની સામે સુગરના માજી પ્રમુખ અને વર્તમાન ડિરેક્ટર કેતન પટેલે ગ્રાજવાના પ્રતિકથી પરિવર્તન પેનલના ૧૨ ઉમેદવારો ઉતારતા પીપોદરા ઝોન બિનહરિફ થવા સાથે બાકીના ૧૧ ઉમેદવારો ચૂંટણીના રણમેદાનમાં હતા.

'શક્તિદૂત યોજના'માં સુધારા કરીને 'શક્તિદૂત 2.0 યોજના' અમલમાં

'રમશે ગુજરાત', ખેલાડીઓને 50 લાખ સુધીની સહાય અપાશે

ગાંધીનગરમાં આજથી યોજનાનો પ્રારંભ કરાશે, ૭૯૯ ખેલાડીને એવોર્ડ અપાશે

૩૮૮ કરોડથી વધુના રમત સંકુલ-પુસ્તકાલયોનાં ઈ-ખાતમુહૂર્ત-લોકાર્પણ કરાશે

ગાંધીનગર: ગુજરાતના રમતવીરોને આંતરરાષ્ટ્રીય સ્તરે ચેમ્પિયન બનાવવાના હેતુથી રાજ્ય સરકારે 'શક્તિદૂત યોજના'માં વ્યાપક સુધારા કરીને 'શક્તિદૂત ૨.૦' અમલમાં મૂકી છે. આ નવી યોજનાનો રાજ્યવ્યાપી શુભારંભ ૧૨ ઓગસ્ટે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે થશે. નવી યોજનામાં ખેલાડીઓને મળતી મહત્તમ આર્થિક સહાય બમણી કરીને રૂ. ૨૫ લાખથી વધારી રૂ. ૫૦ લાખ કરવામાં આવી છે, જ્યારે ખેલાડીઓને સતત તેમના પ્રદર્શનના આધારે સહાય મળતી રહે તે માટે નિશ્ચિત સમયમર્યાદા પણ દૂર કરવામાં આવી છે. દિવ્યાંગ ખેલાડીઓને પણ સમાન સહાયનો લાભ મળશે અને પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ માટે અરજીની લઘુત્તમ વયમર્યાદા ૧૨ વર્ષથી ઘટાડીને ૯ વર્ષથી ઉપર કરવામાં આવી છે. 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી શક્તિદૂત ૨.૦ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના આશાસ્પદ ખેલાડીઓને જરૂરિયાત મુજબ પૌષ્ટિક આહાર, આધુનિક રમત સાધનો, દેશ-વિદેશમાં તાલીમ, નિષ્ણાત પ્રશિક્ષકો તથા તબીબી સહાય સહિતની સુવિધાઓ પૂરી પાડી ઓલિમ્પિક્સ, એશિયન ગેમ્સ અને અન્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે ચેમ્પિયન તૈયાર કરવાનો છે. નવી વ્યવસ્થામાં ખેલાડીઓની સંખ્યામાં પણ તબક્કાવાર વધારો કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સનો લાભ અમદાવાદ, અમરેલી, આણંદ, બોટાદ, દાહોદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, કચ્છ, મહીસાગર, મહેસાણા, મોરબી, નવસારી, પાટણ, પોરબંદર, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડ સહિતના જિલ્લાઓના રમતવીરો અને યુવાનોને મળશે.

નાણાપંચની ગ્રાન્ટના નવા નિયમથી જિ.પં.ના સભ્યોમાં નારાજગી

૩.૬ લાખથી ઓછી રકમનાં વિકાસકામો નહીં થાય, ૩.૬ લાખથી વધુનાં કામો માટે ફરજિયાત ટેન્ડર પ્રક્રિયા કરવાની સૂચના.

સુરત: સુરત જિલ્લા પંચાયતને વર્ષ 2026 માટે નાણાપંચ હેઠળ અંદાજે રૂ.12 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત જિલ્લા પંચાયતના સભ્યોને તેમના વિસ્તારોમાં વિકાસલક્ષી કામો કરાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ વર્ષ માટે કયા વિસ્તારમાં કયા વિકાસકામો હાથ ધરવા તે અંગે જિલ્લા પંચાયતના પ્રમુખથી માંડીને સભ્યો દ્વારા આયોજન પણ કરી લેવામાં આવ્યું છે. જોકે, હવે નાણાપંચની ગ્રાન્ટના ઉપયોગ માટે નવી સૂચનાઓને કારણે સભ્યોમાં નારાજગી જોવા મળી રહી છે.

નાણાપંચની ગ્રાન્ટના ઉપયોગ અંગે ગતરોજ સચિવ સાથે યોજાયેલી બેઠકમાં મહત્ત્વની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીઓને નાણાપંચની ગ્રાન્ટમાંથી હાથ ધરવામાં આવનારા વિકાસકામો માટે ફરજિયાત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

આ સાથે જ રૂ.6 લાખથી ઓછી રકમના કામોને નાણાપંચની ગ્રાન્ટ હેઠળ મંજૂરી નહીં આપવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. પરિણામે અગાઉથી નક્કી કરાયેલા અનેક નાના વિકાસકામો હવે આ ગ્રાન્ટમાંથી હાથ ધરવા મુશ્કેલ બનશે. આ મુદ્દે જિલ્લા પંચાયતના સભ્યોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને નાણાપંચની ગ્રાન્ટના ઉપયોગ માટેની આ મર્યાદા અંગે પુનર્વિચાર કરવાની માંગ ઊઠી શકે છે.

નવા નિર્દેશ મુજબ રૂ.6 લાખથી વધુનાં કામો જ નાણાપંચમાં લઈ શકાશે

નવા નિર્દેશ મુજબ હવે નાણાપંચની ગ્રાન્ટમાંથી રૂ.6 લાખથી વધુની રકમના કામો જ હાથ ધરી શકાશે. આવા કામો માટે ટેન્ડર પ્રક્રિયા પણ ફરજિયાત રહેશે. પરિણામે નાના કામોને બદલે મોટી રકમના કામોને પ્રાથમિકતા આપવી પડશે. જિલ્લા પંચાયતના સભ્યોનું કહેવું છે કે ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસની જરૂરિયાત માત્ર મોટી યોજનાઓ પૂરતી મર્યાદિત નથી. ગામમાં નાની ગટર લાઇન, રસ્તાનું સમારકામ, પેવર બ્લોક, નાની પાણીની સુવિધા કે અન્ય સ્થાનિક જરૂરિયાત માટે પણ ઓછી રકમના કામો જરૂરી બનતા હોય છે. આવા કામો પર મર્યાદા મુકાતા ગામના નાના-નાના પ્રશ્નોના ઉકેલમાં વિલંબ થઈ શકે છે. ગામડાંમાં ઘણી વખત ઓછી રકમમાં પણ તાત્કાલિક જરૂરી એવા કામો કરવાની જરૂરિયાત ઊભી થતી હોય છે. પરંતુ હવે રૂ.6 લાખથી ઓછી રકમના કામો નાણાપંચની ગ્રાન્ટમાંથી નહીં થઈ શકે તેવી સ્થિતિ ઊભી થતાં સભ્યોની મુશ્કેલી વધી છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ડો. હર્ષ...

અને ડો. હીનાબેન ભૂત દ્વારા જુનિયર ડોક્ટરોનું માનસિક શારીરિક શોષણ કરવામાં આવતું હતું. તારીખ ૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ આ ચારેય સિનિયરોએ પ્રથમ વર્ષના તમામ જુનિયર ડોક્ટરોને સીરોલોજી લેબમાં બોલાવી, સતત બે કલાક સુધી ગેરકાયદેસર રીતે બેસાડી રાખીને માનસિક ત્રાસ આપ્યો હતો અને અભદ્ર ટિપ્પણીઓ કરી અપમાનિત કર્યા હતા. એટલું જ નહીં, જુનિયરો કામ કરતા નથી તેવી ખોટી રજૂઆતો પ્રોફેસરો સમક્ષ કરીને તેઓને સતત માનસિક રીતે તોડી પાડવામાં આવતા હતા. એન્ટી રેગિંગ કમિટીના અહેવાલ બાદ આખરે વહીવટી તંત્ર દ્વારા આ ચારેય રેસિડેન્ટ ડોક્ટરો વિરુદ્ધ કાનૂની કાર્યવાહી હાથ ધરી ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

દુષ્પ્રેરણાની સાદી...

108 નોંધવાની હોય છે પરંતુ પોલીસે માત્ર સપોર્ટિંવ એવી બીએનએસની કલમ 54 જ લગાડી છે. પોલીસે આરોપીઓ બચી જાય તે માટે આ કલમો લગાડી છે પરંતુ તે ઉઘાડી પડી જવા પામી છે તેવી ચર્ચા ચાલી રહી છે.

હર્ષ સહિતના...

કરવામાં આવતી હતી. ૦૫/૦૮/૨૦૨૬ ના રોજ વોટ્સએપ પર મેસેજ કરી જુનિયર ડોક્ટરોને પી.જી. હોસ્ટેલમાં નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં મજૂરા સુરત ખાતે બોલાવવામાં આવ્યા હતા. જ્યાં તેમને ગેરકાયદેસર રીતે બે કલાક સુધી બેસાડી રાખી સતત માનસિક ત્રાસ આપી અભદ્ર ટિપ્પણીઓ કરી અપમાનિત કરવામાં આવ્યા હતા.

સૌથી વધુ...

બાબત એ છે કે પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટરો દ્વારા તપાસ દરમિયાન માત્ર ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરોના નામ જ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે બાકીના છ સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે કોઈ ફરિયાદ કરવામાં આવી નથી.

મ્યુનિ.કમિ....

ખાડીપૂરમાં પણ ફ્લડ મેનેજમેન્ટમાં જે કામગીરી એક કમિ. તરીકે હોવી જોઈએ તેવી નિભાવવામાં મ્યુનિ. કમિ. એમ.નાગરાજન નિષ્ફળ રહ્યા હતા. બદલી માટે ફ્લડ મેનેજમેન્ટમાં નિષ્ફળતા પણ એક કારણ મનાઈ રહ્યું છે.

સૌથી મોટી...

પૂર્ણ ગ્રહણના માર્ગમાં ચંદ્ર થોડા સમય માટે સૂર્યના તેજસ્વી ડિસ્કને સંપૂર્ણપણે ઢાંકી દેશે અને દિવસના સમયે અંધકાર જેવું વાતાવરણ સર્જાશે. મોટા ભાગના વિસ્તારોમાં પૂર્ણતાનો સમય બે મિનિટથી ઓછો રહેશે, જ્યારે ગ્રહણના કેન્દ્રની નજીક કેટલાક સ્થળોએ તે બે મિનિટથી થોડો વધુ સમય રહી શકે છે. NASAના આંકડા મુજબ મહત્તમ પૂર્ણતાનો સમય આશરે 2 મિનિટ 18 સેકન્ડ સુધી જઈ શકે છે.

હાઈકોર્ટની ટકોરથી...

રાજ્ય સરકારે આજે રાત્રે મોટો વહીવટી ફેરફાર કર્યો છે. સુરત મહાનગરપાલિકાના કમિશનર એમ. નાગરાજનની તાત્કાલિક અસરથી બદલી કરીને તેમને ગાંધીનગર ખાતે 'સમગ્ર શિક્ષા અભિયાન'ના સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. તેમની સ્થાને સુરતના જિલ્લા કલેક્ટર તેજસ દિલીપભાઈ પરમારને સુરત મહાનગરપાલિકાના કમિશનર તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. નાસિરનગર પ્રકરણમાં આગામી ૧૪ ઓગસ્ટે હાઈકોર્ટમાં મહત્ત્વની સુનાવણી થવાની છે ત્યારે તેના ત્રણ દિવસ પૂર્વે થયેલી આ બદલીને કારણે વહીવટી અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ છે.

આજે આકાશમાં...

કારણે સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. કેટલાક લોકો તેને 'સદીની સૌથી મોટી ખગોળીય ઘટના' ગણાવી રહ્યા છે, તો કેટલાક દ્વારા 12 ઓગસ્ટે દુનિયામાં અંધકાર છવાઈ જશે, મોબાઇલ-ઇન્ટરનેટ સેવાઓ બંધ થઈ જશે કે મોટી કુદરતી આફત આવશે જેવા દાવા પણ કરવામાં આવી રહ્યા છે.

જોકે, વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ દાવાઓને કોઈ આધાર નથી. 12 ઓગસ્ટને લઈને સોશિયલ મીડિયા પર સૌથી વધુ ફેલાતી અફવાઓમાં મોબાઇલ અને ઇન્ટરનેટ સેવાઓ બંધ થઈ જવાની વાત પણ સામેલ છે.

પરંતુ સામાન્ય સૂર્યગ્રહણને કારણે આપમેળે મોબાઇલ નેટવર્ક કે ઇન્ટરનેટ બંધ થઈ જાય તેવી કોઈ વૈજ્ઞાનિક પ્રક્રિયા નથી. ભારતમાં પૂર્ણ સૂર્યગ્રહણ જોવા નહીં મળે, પરંતુ રાત્રે પર્સિડ ઉલ્કાવર્ષા નિહાળવાની સારી તક રહેશે. સૂર્યોદય પહેલાં આકાશમાં અનેક ગ્રહોની સ્થિતિ પણ ખગોળપ્રેમીઓનું ધ્યાન ખેંચી શકે છે. એટલે ભારત માટે આ દિવસ સૂર્યગ્રહણ કરતાં રાત્રિના આકાશ માટે વધુ રસપ્રદ રહેશે.

મોટાભાઈએ નાનાભાઈને...

પહોંચી હતી અને ફાયર બ્રિગેડને પણ જાણ કરી હતી. સબ ફાયર ઓફિસર કાંતિ ભગેરીયાની આગેવાની હેઠળ પહોંચેલી ફાયરની ટીમે ગણતરીની મિનિટોમાં દરવાજો તોડીને ફસાયેલા યુવકને સલામત રીતે બહાર કાઢ્યો હતો. મુક્ત થયેલા નાના ભાઈએ પોલીસ સમક્ષ દારૂડિયા મોટાભાઈ વિરુદ્ધ આ અંગે ફરિયાદરૂપે હકીકતો જણાવતાં પોલીસે આ મામલે કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પાંડેસરામાં...

સ્થાનિક સરકારી શાળામાં ધોરણ-7માં અભ્યાસ કરતી હતી. સોનમને છેલ્લા પાંચેક દિવસથી તાવ આવતો હોવાથી પરિવારજનોએ નજીકના ખાનગી દવાખાનામાં તેની સારવાર કરાવી હતી. રવિવારે સાંજે સોનમના લોહીના રિપોર્ટ કરાવવામાં આવતા તેને ટાઈફોઈડ હોવાનું નિદાન થયું હતું. ખાનગી તબીબે સોનમને મોટી હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી હતી. જોકે રવિવાર હોવાથી પરિવારજનોએ બીજા દિવસે હોસ્પિટલમાં દાખલ કરાવવાનું વિચાર્યું હતું. દરમિયાન સોમવારે બપોરના સમયે ઘરમાં જ સોનમની અચાનક તબિયત લથડી હતી. જેથી પરિવારજનોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. જોકે સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન જ સોનમનું મોત નીપજ્યું હતું.

રશિયામાં બનનારું...

પહોંચ સાથે જ ક્લસ્ટર સફળ બની શકે છે. રશિયન નિષ્ણાતોએ પણ નોંધ્યું છે કે હાલમાં ઉદ્યોગની સમસ્યા માત્ર ઉત્પાદન ક્ષમતાની નહીં પરંતુ માંગ અને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચની પણ છે. રશિયા પોતાના ડાયમંડ ઉદ્યોગને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આગળ વધે છે ત્યારે સુરત માટે આ ઘટનાને માત્ર સ્પર્ધા તરીકે જોવી પડશે. જો સુરતના હીરા ઉદ્યોગકારો તેને નવી આંતરરાષ્ટ્રીય તક તરીકે જોશે અને જો સુરતના કુશળ રત્નકલાકારોને રશિયન કંપનીઓ તરફથી ટેક્નિકલ નોકરી, તાલીમ, કન્સલ્ટન્સી અને સંયુક્